પેજ 3

## અંશુલા કપૂરના લગ્નના પ્રસંગોમાં જહાન્વી, અર્જુન સહિત આખો પરિવાર જોડાયો



મુંબઈ, તા. 22: બોલિવૂડના ફેમસ કપૂર પરિવારમાં લગ્નની શરણાઈઓ વાગી રહી છે! બોની કપૂરની દીકરી અંશુલા કપૂર અને રોહન ઠક્કરના લગ્ન પ્રસંગો ધામધૂમથી શરૂ થઈ ચૂક્યા છે. રવિવારે આ સેલિબ્રેશનની શરૂઆત એક શાનદાર 'માતા કી ચૌકી'થી થઈ, જ્યાં આખો કપૂર પરિવાર દેશી લુકમાં ગ્લેમરસ અંદાજમાં જોવા મળ્યો હતો. બહેન અંશુલાના આ સ્પેશિયલ દિવસ પર અર્જુન કપૂર, જહાન્વી કપૂર અને ખુશી કપૂર તેની પડખે ઊભા રહીને રોનક વધારતા જોવા મળ્યા હતા. અંશુલા ગોલ્ડન લહેંગા અને કલરફુલ ફુલકારી દુપટ્ટામાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. જ્યારે તેની ગ્લેમરસ સિસ્ટર જહાન્વી કપૂર પિંક સિલ્ક સાડીમાં અને ખુશી કપૂર શોર્ટ કુર્તી-ઘરારા સેટમાં સેન્ટર ઓફ એટ્રેક્શન બન્યા હતા. સંજય કપૂર, શનાયા અને મહીપ કપૂરે પણ ભજનોની ધૂન પર ડાન્સ કરીને આ ભક્તિમય સાંજને યાદગાર બનાવી દીધી હતી.

## દિલજીત દોસાંજના કોન્સર્ટમાં ખાલિસ્તાની સમર્થકનો હંગામો, સિંગરે પર્ફોર્મન્સ અટકાવ્યું નહીં




નવી દિલ્હી, તા. 22: ગ્લોબલ સેન્સેશન પંજાબી સિંગર અને એક્ટર દિલજીત દોસાંજ ફરી એકવાર ચર્ચામાં છે! તેના 'ઓરા વર્લ્ડ ટૂર' હેઠળ અમેરિકાના સેન ફ્રાન્સિસ્કોમાં યોજાયેલા કોન્સર્ટમાં હંગામો જોવા મળ્યો હતો. દિલજીત જ્યારે ચેસ સેન્ટરમાં પોતાના ગીતોથી સ્ટેજ ગજવી રહ્યો હતો, ત્યારે એક વ્યક્તિ અચાનક ખાલિસ્તાની ઝંડો લઈને સ્ટેજ પર ચઢી ગયો અને નાચવા લાગ્યો. જોકે, દિલજીતે જરાય ડર્યા વગર પોતાની પર્ફોર્મન્સ ચાલુ રાખી હતી. તરત જ સિક્યોરિટી ગાર્ડ્સે તે વ્યક્તિને સ્ટેજ પરથી હટાવ્યો અને સ્થાનિક પોલીસે તેની અટકાયત કરી લીધી. અગાઉ કેનેડાના કેલગરી શોમાં પણ આવો જ હોબાળો થયો હતો, ત્યારે દિલજીતે શો રોકીને પ્રદર્શનકારીઓને ત્યાંથી જવા કહ્યું હતું. દિલજીતે સ્પષ્ટ કર્યું કે તે જ્યાં પણ જાય છે, પંજાબના મુદ્દાઓ ઉઠાવે છે. તેણે ટકોર કરી કે જો કોઈને તેનાથી પ્રોબ્લેમ હોય, તો તે ગમે તેટલા ઝંડા લહેરાવે, તેને કોઈ ફરક નથી પડતો!

## અક્ષય કુમારની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'માંથી સેન્સર બોર્ડે ૧૮ સીન્સ કાપ્યા



મુંબઈ, તા. 22: અક્ષય કુમારની બહુપ્રતીક્ષિત મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ને સેન્સર બોર્ડ (સીબીએફસી) તરફથી લીલી ઝંડી મળી ચૂકી છે. વેરાયટી ઇન્ડિયાના એક રિપોર્ટનું માનીએ તો સેન્સર બોર્ડે ફિલ્મને યુ/એ 16+ સર્ટિફિકેટ સાથે પાસ કરી દીધી છે, પરંતુ ફિલ્મ માટે આના કારણે પૂરેપૂરા 18 ફેરફારો કરવા પડ્યા. ફિલ્મના સૌથી ચર્ચિત ગીતોમાંથી એકમાં દિશા પટની અને જેક્લીન ફર્નાન્ડિઝના બોલ્ડ અને સેન્સ્યુઅલ સીન્સ પર સેન્સર બોર્ડે વાંધો ઉઠાવ્યો હતો. સેન્સર બોર્ડ દ્વારા ગીતમાંથી બિકિની-ક્લેડ વિઝ્યુઅલ્સ, મહિલાઓના હિપ્સના ક્લોઝ-અપ શોટ્સ અને સેન્સ્યુઅલ હિપ મૂવમેન્ટ્સને સંપૂર્ણપણે હટાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## 'લવ એન્ડ વોર'ના સેટ પર વીજ કરંટથી કારપેન્ટરનું મોત



મુંબઈ, તા. 22: રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ના સેટ પર મોટી દુર્ઘટના ઘટી છે. મુંબઈની ફિલ્મ સિટીના રોયલ પંપ સ્ટુડિયોમાં શોર્ટ સર્કિટના કારણે 42 વર્ષીય કારપેન્ટર ચંદ્રધારી સિંહ યાદવનું કરંટ લાગવાથી મોત નીપજ્યું છે. ઘટના સમયે સેટ પર અભિનેત્રી આલિયા ભટ્ટ શૂટિંગ કરી રહી હતી.ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (એફડબ્લ્યુઆઈસીઈ)એ ભણસાલી પ્રોડક્શન્સ તરફથી જાહેર કરાયેલા 40 લાખ રૂપિયાના વળતરને વધારીને 50 લાખ રૂપિયા કરવાની માંગ કરી છે જેથી મૃતકનાં બાળકોનું શિક્ષણ સુરક્ષિત થઈ શકે. આ ફિલ્મનું નિર્દેશન સંજય લીલા ભણસાલી કરી રહ્યા છે.

## બિરયાની વિવાદ: પ્રણિત અને હિમાંશુ મહિલા આયોગ સમક્ષ હાજર થયા

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): મહિલાઓના સન્માનને ઠેસ પહોંચાડતી કથિત ટિપ્પણીના મામલામાં સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરે અને વેબ ડેવલપર હિમાંશુ જાંગરા સોમવારે રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)ની ઓફિસમાં સુનાવણી માટે હાજર થયા હતા. હરિયાણાના ગુરુગ્રામમાં એક શો દરમિયાન હિમાંશુએ એક કથિત કિસ્સો સંભળાવતા કહ્યું હતું કે, તેણે એક મહિલા પાછળ ચિકન બિરયાની પર 370 રૂપિયા ખર્ચ્યા હતા, જેના બદલામાં તેણે મહિલા પાસે શારીરિક સંબંધોની માગ કરી હતી. આ બાબત પર પ્રણિત મોરે હસતો જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ NCWએ આ મામલાની આપમેળે (સુઓ મોટો) નોંધ લઈને બંનેને સમન્સ પાઠવ્યા હતા. આયોગે સ્પષ્ટ કર્યું કે 'મહિલાઓની સ્વાયત્તતા પ્રત્યે અનાદર કે જાતીય બળજબરીને હાસ્ય અથવા મનોરંજન તરીકે રજૂ કરવાનો કોઈ પણ પ્રયાસ અસ્વીકાર્ય છે. આ બાબત ભારતના બંધારણ અને કાયદા હેઠળ મહિલાઓને આપવામાં આવેલી સમાનતા, ગૌરવ અને સુરક્ષાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.'

## બિહારમાં જમીન વિવાદમાં પંકજ ત્રિપાઠીના ભાઈ પર કુહાડીથી હુમલો



પટના, તા. ૨૨ (પીટીઆઈ): બિહારના ગોપાલગંજ જિલ્લામાં આવેલા તેમના પૈતૃક ગામમાં જમીન વિવાદ દરમિયાન કથિત રીતે કુહાડી વડે હુમલો કરવામાં આવતાં અભિનેતા પંકજ ત્રિપાઠીના ભાઈ ઘાયલ થયા છે. એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, આ ઘટના રવિવારે મોડી સાંજે માધોપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બેલસંદ ગામમાં બની હતી. એડીજી (કાયદો અને વ્યવસ્થા) સુધાંશુ કુમારે જણાવ્યું હતું કે, "બીજેન્દ્ર નાથ તિવારી પર તેમના ગામમાં જમીન વિવાદ દરમિયાન કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

ટ્રમ્પની ધમકીનો અહેવાલ આવતા રવિવારની મંત્રણામાં ખેલ બગડી ગયો

# ઈરાનીઓ ઉઠીને ચાલવા માંડ્યા: વાન્સ જોતા રહ્યા



**ટ્રમ્પની** ધમકી સામે વાંધો ઉઠાવીને ઇરાની પ્રતિનિધિમંડળે ફોટો-ઓપમાં પણ ભાગ લેવાની ના પાડી દીધી પાકિસ્તાનીઓ સ્તબ્ધ!

ઝુરીચ, તા. ૨૨: સ્વિટ્ઝર્લેન્ડમાં હાઈ-સ્ટેક્સ અમેરિકા-ઈરાન વાટાઘાટોના પ્રથમ રાઉન્ડમાં રવિવારે ત્યારે નાટકીય વળાંક આવ્યો જ્યારે ઈરાની પ્રતિનિધિમંડળે તેહરાન સામે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીના આવેલા અહેવાલ પછી વાંધો ઉઠાવીને સ્થળ પરથી ટૂંક સમય માટે વોકઆઉટ કર્યો હતો. આના કારણે પાકિસ્તાની અને અમેરિકન અધિકારીઓની હાજરીમાં એક ક્ષોભજનક રાજદ્વારી સ્થિતિ સર્જાઈ હતી.

બર્ગનસ્ટોક રિસોર્ટ, જ્યાં આ વાટાઘાટો થઈ રહી હતી, ત્યાંનો એક વીડિયો ઝડપથી વાયરલ થયો હતો જેમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ સાથે ટૂંકી વાતચીત કરતા અને પછી પાછા ફરીને ઈરાની પ્રતિનિધિમંડળના સભ્યો સાથે રૂમની બહાર નીકળી જતા દેખાયા હતા. શરીફ આ અચાનક વિદાયથી દેખીતી રીતે જ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને પાછળથી તેઓ પાકિસ્તાન આર્મી ચીફ અસીમ મુનીર તરફ કંઈક ઈશારો કરતા જોવા મળ્યા હતા. માત્ર થોડા ફૂટ દૂર ઉભેલા અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આ સમગ્ર દ્રશ્ય જોઈ રહ્યા હતા અને ત્યારબાદ તેઓ પાકિસ્તાની પ્રતિનિધિમંડળ તરફ આગળ વધ્યા હતા.

આ ઘટના તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલા ઈસ્લામાબાદ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ(MoU) હેઠળ વાટાઘાટોના પ્રારંભિક રાઉન્ડ દરમિયાન બની હતી, જે પ્રદેશમાં અઠવાડિયાના લશ્કરી તણાવ પછી સ્થિતિને શાંત કરવાના પ્રયાસરૂપે ઈરાન, યુનાઈટેડ સ્ટેટ્સ, પાકિસ્તાન અને કતારને એક મંચ પર લાવ્યું છે. ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, ઔપચારિક ચર્ચાઓ શરૂ થાય તે પહેલાં જ તણાવ સપાટી પર આવી ગયો હતો. તેહરાને અમેરિકન પ્રતિનિધિમંડળ સાથે આયોજિત સંયુક્ત ફોટો-ઓપમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો અને તેને યુએસનો મીડિયા શો ગણાવીને ફગાવી દીધો હતો. ત્યારબાદ ઈરાની અધિકારીઓએ ટ્રમ્પની તે ધમકી સામે વાંધો ઉઠાવ્યો હતો જેમાં કહેવાયું હતું કે જો તેહરાન લેબનોનમાં તેના પ્રોક્સી જૂથો પર લગામ લગાવવામાં નિષ્ફળ જશે તો તેના પર ફરીથી હુમલો કરાશે.

# યુએસ-ચીન ટ્રેડ વોર: ચીનનો અમેરિકા પર મોટો પલટવાર

**10** સૈન્ય સંબંધિત કંપનીઓ પર નિકાસ પ્રતિબંધ; સરકારી તંત્રોને 46 યુએસ કંપનીઓનો બહિષ્કાર કરવા આદેશ

**અમેરિકાએ** ચીનની દિગ્ગજ ટેક કંપનીઓને સંરક્ષણ કોન્ટ્રાક્ટ મેળવવા પર રોક લગાવી હતી

બીજીંગ, તા. 22 (એપી): અમેરિકા દ્વારા ચીનની અગ્રણી ટેકનોલોજી કંપનીઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધોના જવાબમાં ચીને સોમવારે મોટો પલટવાર કર્યો છે. ચીને અમેરિકાની સૈન્ય સંબંધિત 10 મોટી કંપનીઓ પર પ્રતિબંધોની જાહેરાત કરી છે.

ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું કે ચીનની કંપનીઓ હવે આ 10 અમેરિકન કંપનીઓને 'ડ્યુઅલ-યૂઝ' (સૈન્ય અને બિન-સૈન્ય બંને ઉપયોગમાં આવતી) વસ્તુઓની નિકાસ કરી શકશે નહીં. આ પ્રતિબંધિત કંપનીઓમાં સૈન્ય ડ્રોન બનાવતી અને દુર્લભ પૃથ્વી તત્વોના ઉત્ખનન સાથે જોડાયેલી કંપનીઓ સામેલ છે. ચીને આ પગલાને પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી ગણાવ્યું છે સાથે જ તેને અમેરિકી સરકાર દ્વારા ચીની સૈન્ય કંપનીઓમાં ખોટી રીતે નવી કંપનીઓના નામ સામેલ કરવાના જવાબમાં લીધેલાં પગલાં ગણાવ્યા હતા.

આ ઉપરાંત, સત્તાવાર સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, ચીનના નાણા મંત્રાલયે સરકારી સંસ્થાઓને લોકહીડ માર્ટિન અને રેથિયોન મિસાઈલ્સ એન્ડ ડિફેન્સ સહિતની 46 અમેરિકન કંપનીઓ પાસેથી કોઈપણ પ્રોડક્ટ ખરીદવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ મહિનાની શરૂઆતમાં, અમેરિકાએ અલીબાબા અને બાઈડુ જેવી ચીનની દિગ્ગજ ટેક કંપનીઓને સૈન્ય સંબંધિત હોવાનું કહીને સંરક્ષણ કોન્ટ્રાક્ટ મેળવવા પર રોક લગાવી દીધી હતી. જેના જવાબમાં ચીને 22 જૂન, સોમવારના રોજ આ નવો આદેશ જાહેર કર્યો છે. ચીને સ્પષ્ટ કર્યું છે કે ત્રીજા દેશની કોઈપણ કંપની કે વ્યક્તિ પણ ચીનમાંથી આ સામાન લઈને પ્રતિબંધિત અમેરિકન કંપનીઓને ટ્રાન્સફર કરી શકશે નહીં. જોકે, અત્યંત જરૂરી માલસામાન માટે ચીનની કંપનીઓએ નિકાસ મંજૂરી માટે ખાસ અરજી કરવી પડશે.

# ભારત-યુએસ સંરક્ષણ સોદો: $482 મિલિયનના સાધનોને મંજૂરી

**અપાચે** હેલિકોપ્ટર અને હોવિત્ઝર તોપોના સપોર્ટ પેકેજથી ભારતની સૈન્ય તાકાત વધુ મજબૂત બનશે

વોશિંગ્ટન, તા. 22 (પીટીઆઈ): અમેરિકાએ ભારતના અપાચે હેલિકોપ્ટર અને M777A2 અલ્ટ્રા-લાઈટ હોવિત્ઝર તોપો માટે સહાયક સેવાઓ અને સંબંધિત સાધનોના પ્રસ્તાવિત વેચાણને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ સમગ્ર સોદાની અંદાજિત કિંમત 482.2 મિલિયન ડોલર છે.

અમેરિકાના ફોરેન મિલિટરી સેલ્સ (FMS) પ્રોગ્રામનું સંચાલન કરતી સંસ્થા 'ડિફેન્સ સિક્યોરિટી કોઓપરેશન એજન્સી' (DSCA) દ્વારા 17 જૂનના રોજ આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. અગાઉ 18 મેના રોજ અમેરિકાના વિદેશ વિભાગે આ સંભવિત વેચાણ અંગે સંસદને માહિતી આપી હતી.

ભારતે ખાસ કરીને પર્વતીય વિસ્તારોમાં પોતાની આર્ટિલરી ક્ષમતાને મજબૂત કરવા માટે અમેરિકા પાસેથી M777A2 અલ્ટ્રા-લાઈટ હોવિત્ઝર તોપો ખરીદી હતી. આ ઉપરાંત, ભારતીય સેના સચોટ હુમલા અને યુદ્ધભૂમિ પર સહાય માટે વિશ્વના સૌથી આધુનિક લડાયક હેલિકોપ્ટરોમાંના એક એવા AH-64E અપાચે હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કરે છે. આ હથિયારોની લાંબા સમય સુધી જાળવણી અને દેખરેખ માટે ભારતે અમેરિકા પાસે મદદ માગી હતી.

જાહેરનામા અનુસાર, M777A2 હોવિત્ઝર તોપોના સપોર્ટ પેકેજ માટે અંદાજિત 230 મિલિયન ડોલરનો ખર્ચ થશે, જેમાં સ્પેરપાર્ટ્સ, ટ્રેનિંગ અને ટેકનિકલ સહાય જેવી બાબતો સામેલ હશે. જ્યારે અપાચે હેલિકોપ્ટરના સપોર્ટ પેકેજ માટે અંદાજિત 198.2 મિલિયન ડોલરનો ખર્ચ થશે, જેમાં એન્જિનિયરિંગ, લોજિસ્ટિક્સ સપોર્ટ અને પર્સનલ ટ્રેનિંગ આપવામાં આવશે.

### IIT રૂડકીના સંશોધનમાં આશાસ્પદ પરિણામો

# શું ગૌમૂત્ર ચિકનગુનિયા સામે લડી શકે?

**પ્રયોગશાળામાં** ગૌમૂત્ર અર્કે વાયરસનો લોડ 90% ઘટાડ્યો; ક્લિનિકલ ટ્રાયલ્સ હજુ બાકી

નવી દિલ્હી, તા. 22: ભારતમાં મચ્છરજન્ય રોગ ચિકનગુનિયાના વધતા પ્રકોપ વચ્ચે વૈજ્ઞાનિકો તેની સારવાર માટે નવા રસ્તાઓ શોધી રહ્યા છે. હાલમાં આ વાયરસ માટે કોઈ ચોક્કસ એન્ટિવાયરલ દવા ઉપલબ્ધ નથી, ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) રૂડકીના સંશોધકોએ આયુર્વેદિક ગૌમૂત્ર અર્ક પર એક આશાસ્પદ પ્રયોગશાળા અભ્યાસ કર્યો છે.

પ્રોફેસર શૈલી તોમર અને તેમની ટીમ દ્વારા કરાયેલા આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે, લેબોરેટરીની સ્થિતિમાં ગૌમૂત્ર અર્કે ચિકનગુનિયા વાયરસના ભાર (વાયરલ લોડ) ને 90%થી વધુ ઘટાડી દીધો છે. આ ઉપરાંત, કુદરતી બાયોએક્ટિવ સંયોજનોનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલા ફોર્મ્યુલેશને વાયરસના લોડમાં 99.85% સુધીનો ઘટાડો નોંધાવ્યો હતો.

આ સંશોધન પીઅર-રિવ્યુડ જર્નલ 'ACS એગ્રીકલ્ચરલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી'માં પ્રકાશિત થયું છે.

# UAE ભારત પાસેથી બ્રહ્મોસ અને આકાશતીર સિસ્ટમ ખરીદવા ઈચ્છુક

**પશ્ચિમ** એશિયાના યુદ્ધ બાદ યુએઈ પોતાનું સંરક્ષણ મજબૂત કરવા માગે છે

**ભારતની** સંરક્ષણ નિકાસ તાજેતરના વર્ષોમાં દેશી ઉત્પાદનને વેગ મળવાને કારણે ઝડપથી વધી રહી છે

નવી દિલ્હી, તા. 22: મધ્ય પૂર્વમાં તાજેતરમાં થયેલા યુદ્ધ અને પ્રાદેશિક સુરક્ષાના બદલાતા સમીકરણો વચ્ચે સંયુક્ત આરબ અમીરાત (UAE) પોતાની સૈન્ય ક્ષમતાઓને મજબૂત કરવા માટે ભારતની ફ્લેગશિપ ડિફેન્સ સિસ્ટમ્સ ખરીદવા માટે પ્રારંભિક વાટાઘાટો કરી રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર, UAEએ ભારતની સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ 'બ્રહ્મોસ' અને સંપૂર્ણ ઓટોમેટેડ એર ડિફેન્સ કમાન્ડ-એન્ડ-કંટ્રોલ સિસ્ટમ 'આકાશતીર' ખરીદવામાં ઊંડો રસ દાખવ્યો છે. ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં મિસાઈલ અને ડ્રોન હુમલાનો સામનો કર્યા બાદ UAE પોતાના સંરક્ષણ સપ્લાયર્સનું વૈવિધ્યકરણ કરી રહ્યું છે. બ્રહ્મોસ મિસાઈલ ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી હોવાથી તેના નિકાસ માટે મોસ્કોની મંજૂરી જરૂરી રહેશે, જે બંને દેશોના ગાઢ સંબંધો જોતાં સરળતાથી મળી રહેવાની સંભાવના છે.

ભારતની સંરક્ષણ નિકાસ પણ તાજેતરના વર્ષોમાં દેશી ઉત્પાદનને વેગ મળવાને કારણે ઝડપથી વધી રહી છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, માર્ચ 2026માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ભારતની સંરક્ષણ નિકાસ 4 બિલિયન ડોલર (આશરે 37,868 કરોડ રૂપિયા)ને વટાવી ગઈ છે, જે વર્ષ 2013-14માં માત્ર 7.26 મિલિયન ડોલર (આશરે 68 કરોડ રૂપિયા) હતી.

ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાન સામેના સંઘર્ષમાં ભારતે પ્રથમ વખત બ્રહ્મોસ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, ત્યારથી વૈશ્વિક સ્તરે ભારતીય હથિયારોની માગ વધી છે. ભારતે વિયેતનામ અને ઈન્ડોનેશિયા સાથે પણ બ્રહ્મોસના કરાર કર્યા છે, જ્યારે ફિલિપાઈન્સ આ મિસાઈલ મેળવનાર પ્રથમ દેશ છે.

# મધપૂડા ભરેલી ટ્રક પલટી ખાઇ ગઇ: ૨૦ લાખ મધમાખીઓ નાસી છૂટી

**નજીકના** લોકોને ઘરમાં જ રહેવાની સૂચના અપાઇ: અમેરિકાના ટેક્સાસનો બનાવ



મોરિસવિલે, તા. ૨૨: અમેરિકાના ટેક્સાસમાં રવિવારે મધપૂડા લઈ જતી એક ટ્રક પલટી જતાં અને તેમાંથી ૨૦ લાખ જેટલી મધમાખીઓ ભાગી ગઈ હતી.

આ અકસ્માત રાજ્યના પૂર્વ ભાગમાં આવેલા મોરિસવિલે નામના નગર નજીક સર્જાયો હતો, જેના કારણે સ્થાનિક કટોકટી અધિકારીઓએ આસપાસના રહેવાસીઓને ઘરની અંદર જ રહેવાની ચેતવણી આપી હતી. સ્થાનિક ઓરેન્જ કાઉન્ટી ઇમરજન્સી સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતા તમામ લોકો કૃપા કરીને ઘરની અંદર જ રહે. મધપૂડા લઈ જતું એક ૧૮-વ્હીલર વાહન પલટી ગયું છે અને વિસ્તારમાં મોટા પ્રમાણમાં મધમાખીઓ હાજર છે."

આ અકસ્માત અંગે ઓનલાઈન પોસ્ટ કરાયેલા ફોટાઓમાં સફેદ રક્ષણાત્મક કપડાં પહેરેલા મધમાખી ઉછેર કામદારો મધમાખીઓના વિશાળ ઝુંડને કાબૂમાં લેવા પ્રયાસો કરતા જણાયા હતા, જ્યારે મોટી સંખ્યામાં મધમાખીઓ નજીકના ઝાડ પર ચોંટેલી હતી.

# નીટ વિવાદ પર જંતર-મંતર ખાતે CJPના ધરણાનો ત્રીજો દિવસ

**અભિજીત** દીપકેએ કેન્દ્ર સરકાર પર પ્રહારો તેજ કર્યા

**દીપકેએ** વડા પ્રધાન મોદીને જંતર-મંતર આવીને પીડિત વિદ્યાર્થીઓને મળવા અપીલ કરી

**આપઘાત** કરનારા વિદ્યાર્થીઓના પરિવારો માટે વળતરની માગ કરી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): નીટ (NEET) પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અને પેપર લીક વિવાદને લઈને કૉકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકેએ કેન્દ્ર સરકાર પર પોતાના પ્રહારો તેજ કર્યા છે. દિલ્હીના જંતર-મંતર ખાતે સોમવારે સતત ત્રીજા દિવસે પણ આ ધરણા પ્રદર્શન ચાલુ રહ્યા હતા.

શનિવાર બપોરથી શરૂ થયેલા આ વિરોધ પ્રદર્શનમાં રવિવારે ફરીથી પરીક્ષા આપનારા કેટલાક નીટ ઉમેદવારો પણ જોડાયા હતા અને તેમણે પોતાની મુશ્કેલીઓ રજૂ કરીને જવાબદારી નક્કી કરવાની માગ કરી હતી. પ્રદર્શનકારીઓને સંબોધતા દીપકેએ સવાલ ઉઠાવ્યો હતો કે, થોડી મિનિટો મોડા પડવા બદલ સત્તાવાળાઓ વિદ્યાર્થીઓને સજા આપીને પરીક્ષામાં બેસવા દેતા નથી, પરંતુ પેપર લીક કરનારાઓ સામે કોઈ પગલાં લેવાતા નથી. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરતાં કહ્યું કે, શિક્ષણ પ્રણાલીમાંથી જવાબદારી ગાયબ થઈ ગઈ છે અને અનિયમિતતાઓને કારણે વિદ્યાર્થીઓ માનસિક આઘાત અનુભવી રહ્યા છે. દીપકેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જંતર-મંતર આવીને પીડિત વિદ્યાર્થીઓને મળવા અપીલ કરી છે.

આ પ્રદર્શન દરમિયાન દીપકેએ સોમવારે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પોલીસ વિદ્યાર્થીઓ પાસે ઓળખપત્ર માગીને તેમને પ્રદર્શનમાં જોડાતા રોકી રહી છે, જોકે દિલ્હી પોલીસે આ દાવો નકારી કાઢ્યો છે. આ વિરોધ પ્રદર્શનમાં SFI અને AISA સહિતના અનેક ડાબેરી વિદ્યાર્થી સંગઠનો પણ ભાગ લઈ રહ્યા છે. CJPએ શિક્ષણ મંત્રીના રાજીનામા ઉપરાંત, પેપર લીક વિવાદ બાદ કથિત રીતે આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પરિવારો માટે વળતરની માગ કરી છે.

# સિંધુ જળ સંધિ: પાકિસ્તાનની ભારતને ધમકી- પાણી પર જોખમ વર્તાશે તો યુદ્ધ શરૂ કરીશું

**પાકિસ્તાન** હાલમાં ભયાનક જળ સંકટનો સામનો કરી રહ્યું છે

**આ** સંધિ સ્થગિત થવાને કારણે પાકિસ્તાનની 4.7 કરોડ એકર કૃષિ જમીનની સિંચાઈ ખોરવાઈ



ઈસ્લામાબાદ, તા. 22: પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે સિંધુ જળ સંધિ સ્થગિત રહેવા બાબતે ભારતને યુદ્ધની ધમકી આપી છે. તેમણે એક ટીવી ચેનલને જણાવ્યું કે જો પાકિસ્તાનને લાગશે કે તેની જળ સુરક્ષા જોખમમાં છે, તો તે ભારત સામે જંગ છેડી શકે છે.

આસિફે આરોપ લગાવ્યો કે ભારત પાકિસ્તાનના હિસ્સાના પાણીના પ્રવાહમાં દખલ કરીને તેનો વ્યૂહાત્મક હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે એપ્રિલ 2025માં પહેલગામ ત્રાસવાદી હુમલામાં 26 લોકોનાં મોત બાદ ભારતે 1960ની આ સંધિને સસ્પેન્ડ કરી દીધી હતી. ભારતનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના ત્રાસવાદ સામે નક્કર પગલાં નહીં ભરે ત્યાં સુધી સંધિ પુનઃસ્થાપિત કરવામાં આવશે નહીં. બીજી બાજુ પાકિસ્તાન હાલમાં ભયાનક જળ સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કારણે તેની આશરે એક-તૃતીયાંશ વસ્તી પ્રભાવિત થઈ છે. સિંધ અને બલૂચિસ્તાન પ્રાંતમાં પરિસ્થિતિ વધુ ગંભીર છે. સિંધના સિંચાઈ વિભાગના આંકડા મુજબ, નોર્થ વેસ્ટ કેનાલમાં 64.1%, રાઈસ કેનાલમાં 38% અને દાદુ કેનાલમાં 82% સુધી પાણીની અછત નોંધાઈ છે. આ સાથે જ સુક્કુર બેરાજનું જળસ્તર પણ સતત ઘટી રહ્યું છે.

આ સંધિ સ્થગિત થવાને કારણે પાકિસ્તાનની 4.7 કરોડ એકર કૃષિ જમીનની સિંચાઈ ખોરવાઈ ગઈ છે, જેનાથી તેની અર્થવ્યવસ્થા અને ગ્રામીણ પરિવારોની આજીવિકા જોખમમાં મુકાઈ છે. આ ઉપરાંત, મંગલા અને તારબેલા હાઈડ્રોપાવર ડેમમાં પાણી ન મળવાને કારણે પાકિસ્તાનમાં વીજળી ઉત્પાદનમાં 30 ટકાથી 50 ટકાસુધીનો મોટો ઘટાડો આવી શકે છે, જેનાથી ઔદ્યોગિક ઉત્પાદન અને રોજગાર પણ ખરાબ રીતે પ્રભાવિત થશે. સ્થાનિક નેતાઓ પણ પાણીની વહેંચણી મામલે સરકારની નિષ્ફળતાનો આરોપ લગાવી રહ્યા છે.